**પાક નિષ્ફળ જાય તો ખેડૂત દેવાના ડુંગર તળે દબાય** | **ચોમાસુ ખેતી સદંતર નિષ્ફળ નિવડવાના એંધાણ વર્તાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ**

# સુખસર, સંજેલી, ફતેપુરા પંથકમાં વરસાદના અભાવે ખેડૂતોને રોવાનો વારો

**તાજેતરમાં પશુઓ માટે ઘાસચારો તથા આવનારા સમયમાં પીવાના પાણીની સમસ્યાનો સામનો કરવો પડે તો નવાઇ નહિ**



(પ્રતિનિધિ) સુખસર,તા.8 ચોમાસાનો અડધો સમય વીતી ગયો હોવા છતાં સુખસર,સંજેલી તથા ફતેપુરા તાલુકામાં આજ દિન સુધી સારો કહી શકાય તેવો વરસાદ થઈ શક્યો નથી. હાલ નદી નાળા તળાવો અને કુવાઓ મા ટીપું પાણી પણ જોવા મળતું નથી.જ્યારે સામાન્ય વરસાદથી ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ, ખાતર લાવી પોતાની ખેતીમાં વાવેતર કરી ચૂક્યા હતા.અને હાલ સુધીમાં માત્ર છાંટાછાંટી કહી શકાય તેટલા વરસાદથી ખેતી પાકો પોતાનું અસ્તિત્વ બચાવી રહ્યા હતા. પરંતુ હાલમાં વરસાદના કોઈ એંધાણ નહીં જણાતાં ખેડૂતોની ખેતી સદંતર નિષ્ફળ જવાના એંધાણ જણાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ રહ્યા છે. અને હાલ સુધીમાં રવિ સિઝનના પાકો માટે ખેડૂતોને કોઈ જ આશા રહી નથી તેમજ આવનાર સમયમાં પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાવાના એંધાણ જણાઈ રહ્યા છે. સુખસર, સંજેલી તથા ફતેપુરા તાલુકામાં ચોમાસાના આગમન બાદ મોડે મોડે સામાન્ય વરસાદ થતાં ખેડૂતોએ ખેતીમાં મકાઈ, સોયાબીન, તુવર,ડાંગર, અડદ જેવા ખેતી પાકો માટે ખેતરોમાં વાવણી કરી વધુ વરસાદની રાહ જોઈ રહ્યા હતા.પરંતુ હાલ સુધીમાં અડધું ચોમાસુ વિતવા છતાં સારો કહી શકાય અથવા સંપૂર્ણ ખેતીલાયક કહી શકાય તેવો વરસાદ થયેલ નથી. જ્યારે હાલ સુધીમાં સામાન્ય છાંટા છાંટી કહી શકાય તેવો વરસાદ થયેલ છે. અને જેના લીધે કેટલીક ખેતીને જીવત દાન મળતું આવ્યું હતું.પરંતુ હાલ થોડા દિવસથી છાંટા છાંટી જેવો વરસાદ પણ નહીં થતાં ખેડૂતોના ખેતી પાકો કરમાઈ રહ્યા છે.અને હજી થોડા દિવસમાં વરસાદ નહીં થાય તો આ તમામ પાકો નિષ્ફળ જવાના એંધાણ વર્તાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. જોકે વરસાદી પાણીના અભાવે હાલની ખેતીતો નિષ્ફળ જશે જ પરંતુ આવનાર શિયાળાની રવિ સીઝન પાકોથી પણ ખેડૂતો વંચિત રહેશે તેવા સંજોગો સર્જાઈ રહ્યા છે.અને સાથે સાથે આવનાર સમયમાં પીવાના પાણીની કટોકટીની ગંભીર સમસ્યા ઊભી થાય તેવું પણ નિર્માણ થઈ રહ્યું છે.જોકે ગત વર્ષે ચોમાસાની સિઝન નિષ્ફળ ગઈ હતી.શિયાળાની સિઝનમાં રવિ પાકોમાં પણ ખાસ કાંઈ ઉપજ થઈ ન હતી. જ્યારે ચાલુ વર્ષે ચોમાસા દરમ્યાન વરસાદના અભાવે ખેતી નિષ્ફળ જાય તેવા સંજોગો ઊભા થયેલ છે.અને આવનાર શિયાળાની રવિ સિઝનથી પણ ખેડૂતો વંચિત રહે તેવા સંજોગો સર્જાતા ખેડૂતોની હાલત કફોડી બનવા પામેલ છે.

### વરસાદ ખેંચાય ત્યારે પાક બચાવવા ખેતીવાડી વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર

**ગોધરા :** વરસાદના અભાવે જ્યારે ખેતરમાં ઊભા પાકમાં ભેજની ખેંચ ઊભી થાય, ત્યારે ખેડૂતોને પાક નુકસાનીથી બચાવવા માટે ખેતીવાડી વિભાગ દ્વારા અગત્યની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ જમીન અને પાકની અવસ્થા અનુસાર સમયસર આંતર-ખેડ કરવાથી નીંદણ થાય છે અને જમીનનો ભેજ તથા પોષક તત્વો મુખ્ય પાકને પૂરતા પ્રમાણમાં મળી રહે છે. બે ચાસ વચ્ચે સૂકું ઘાસ, પાંદડા કે પ્લાસ્ટિકનું મલ્ચિંગ કરવાથી જમીનમાંથી પાણીનું બાષ્પીભવન અટકે છે અને ભેજ લાંબો સમય ટકી રહે છે. મર્યાદિત પાણીની સ્થિતિમાં ધોરિયા પદ્ધતિને બદલે ટપક કે ફુવારા જેવી સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવી જોઈએ, જેથી પાણીનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે. પાકની કટોકટીની અવસ્થા, જેમ કે ફૂલ આવવાની કે દાણા ભરાવાની અવસ્થા દરમિયાન ખાસ પિયત આપવું અને જો પાણી ખૂબ જ ઓછું હોય તો એકાંતર ચાસે પિયત આપવાની સલાહ આપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદમાં શ્રી નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે ચોથી પાલખીયાત્રા યોજાઇ



**દાહોદ :** પવિત્ર શ્રાવણ માસ દરમિયાન - શિવભક્તિના વિશેષ માહોલ વચ્ચે શ્રી નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાન શિવજીની ૪થી ભવ્ય પાલખી ચાત્રા અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહ પૂર્વક યોજાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર મંદિર પરિસર હર હર મહાદેવ અને જય ભોલેનાથ ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.પાલખી યાત્રા દરમિયાન ભગવાન નાગેશ્વર મહાદેવના સ્વરૂપને આકર્ષક શ્રૃંગાર કરી સુશોભિત પાલખીમાં વિરાજમાન કરવામાં આવ્યા હતા.

### હાલોલ કલરવ શાળામાં શ્રીમદ ભગવદ્ ગીતાના શ્લોક પઠનની સ્પર્ધા યોજાઇ



**હાલોલ :** હાલોલ નગરમાં આવેલ કલરવ શાળામાં ચિન્મય મિશન વડોદરા દ્વારા શ્રીમદ ભગવદ્ ગીતાના બારમો અધ્યાય "ભક્તિ યોગ" ના શ્લોકની સ્પર્ધા યોજવામાં આવી હતી. ગીતાના આ પાવન અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભક્તિના મહિમાનો અતિ સુંદર અને હૃદય સ્પર્શી વર્ણન કર્યું છે .ભક્તિ એ પરમાત્મા સુધી પહોંચવાનો સરળ નિર્મળ અને પ્રકાશમય માર્ગ છે. ભક્તિ માત્ર પૂજા પાઠ પૂરતી સીમિત નથી; ભક્તિ તો નિર્મળ હૃદય, નિષ્કામ કર્મ, કરુણા, ક્ષમા અને સર્વજીવ પ્રત્યેના પ્રેમનું પવિત્ર સંગમ છે.

### સંજેલીમાં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષે યુવા સંગમ"કાર્યક્રમ યોજાયો



**સંજેલી :** દાહોદ જિલ્લાના સંજેલી તાલુકા મથકે આવેલ કન્યા વિદ્યાલય સંજેલી ખાતે 'યુવા સંગમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંજેલી તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી યુવાઓ તથા સમાજના આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સ્થળે ભગવાન બિરસા મુંડા, સ્વામી વિવેકાનંદ, છત્રપતિ શિવાજી મહારાજ, શહીદ ભગતસિંહ, અહિલ્યાબાઈ હોલકર અને રાણી લક્ષ્મીબાઈ જેવા મહાનુભાવોના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તેમના વિચારો અને દેશ તથા સમાજ માટેના યોગદાનને યાદ કરી યુવાઓમાં રાષ્ટ્રપ્રેમ, સામાજિક જાગૃતિ અને જવાબદારીની ભાવના કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### સિંગવડ તાલુકાની કટારાની પાલ્લી પ્રાથમિક શાળા ખાતે વિદાય સમારંભ યોજાયો



**સિંગવડ :** સિંગવડ તાલુકાની કટારા ની પાલ્લી પ્રાથમિક શાળા ખાતે આસિસ્ટન્ટ શિક્ષક ની જિલ્લા ફેર બદલી તથા તેમનો વિદાય સમારંભ યોજાયો. આજરોજ તારીખ 7 9 2026 ને સોમવારના રોજ કટારા ની પાલ્લી પ્રાથમિક શાળામાં આસિસ્ટન્ટ શિક્ષક તરીકે ફરજ બજાવતા બારીયા વિજયભાઈ કાળુભાઈ ની જિલ્લા ફેર બદલી થતા શાળા પરિવાર અને બાળકો દ્વારા તેમનો વિદાય સહ સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં એસએમસી કમિટીના સભ્યો ગામના સરપંચ પીન્ટુભાઇ ડામોર તથા આગેવાનો હાજર રહ્યા હતા શાળા પરિવાર તરફથી વિજયભાઈ બારીયા ને ભેટ તરીકે ઘરઘંટી શ્રીફળ અને સાલ આપી તેમને સન્માન સહ વિદાય આપી હતી.

**ગોધરામાં સી.એન. ગેસ એજન્સી સંચાલકની મનમાની**

## ગ્રાહકોને ફરજિયાત પાઈપ લેવા દબાણ, પુરવઠા અધિકારીએ ગેરકાયદેસર ગણાવ્યું

(પ્રતિનિધી) ગોધરા, તા.૯ ગોધરા તાલુકાના કાંકણપુર ગામે સી.એન. ગેસ એજન્સીની ગાડી સિલિન્ડર ડિલિવરી માટે પહોંચી હતી. આ દરમિયાન ગાડીના ડ્રાઈવર અને અન્ય કર્મચારી દ્વારા સ્થાનિક ગ્રાહકોને બાટલા સાથે ફરજિયાત નવી પાઈપ લેવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

ગ્રાહકોએ પોતાની પાસે પહેલેથી જ સારી પાઈપ હોવાનું અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાનું જણાવી પાઈપ લેવાનો ઈનકાર કર્યો હતો. છતાં તેમને સિલિન્ડર આપવાની ના પાડવામાં આવતા જાગૃત નાગરિકોએ એજન્સીની આ મનમાનીનો વિડિયો રેકોર્ડ કર્યો હતો. આ મામલે સ્થાનિકોએ મીડિયાનો સંપર્ક કરતા તપાસ હાથ ધરવામાં આવી હતી. મીડિયા કર્મીઓએ એજન્સીની મુલાકાત લેતા તે બંધ જોવા મળી હતી. જેથી તેઓએ એજન્સીનું સંચાલન કરતા ચિંતનભાઈ પરમાર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. સંચાલકે ઉપરથી પરિપત્ર થયેલ છે તેવો લૂલો બચાવ કરી પોતાની મનમાની છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મીડિયાની દરમિયાનગીરી બાદ એજન્સીના કર્મચારીઓએ હાલ પૂરતો બાટલો આપી દીધો હતો પરંતુ આગામી વખતે પાઈપ ફરજિયાત લેવી જ પડશે તેવી ગેરકાયદેસર શરત પણ મૂકી હતી.

સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગોધરાના ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી પૂર્વેશ કે. ડામોરનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કોઈ પણ ગેસ એજન્સી ગ્રાહકને પાઈપ કે અન્ય વસ્તુઓ ખરીદવા માટે દબાણ કરી શકે નહીં અને ગ્રાહકને ગેસનો બાટલો ફરજિયાત આપવો જ પડે. પુરવઠા અધિકારીના આ સ્પષ્ટ નિવેદન બાદ હવે એ જોવું રહ્યું કે નિયમોનો ઉલાળિયો કરી ગરીબ ગ્રાહકોને પરેશાન કરતી આ ગેસ એજન્સી સામે તંત્ર દ્વારા ક્યારે અને કેવી કડક કાર્યવાહી કરવામાં આવે છે.

### પર્યુષણ પર્વે હનુમાન બજાર સ્થિત સ્થાનક ભવન ખાતે ધર્મસભા યોજાઈ

દાહોદ : દાહોદના હનુમાન બજાર સ્થિત સ્થાનક ભવન ખાતે પર્યુષણ પર્વનિમિત્તે આયોજિત ધર્મસભામાં સાધ્વી શ્રી સુવ્રતાજી મસાએ અમૂલ્ય ધર્મોપદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ×પર્યુષણ પર્વભવનાશક તથા દુ:ખોને મટાડનારું છે. આ પર્વ દરમિયાન આ જ ચિંતન કરવાનું છે. આ પર્વ કલ્પવૃક્ષ સમાન છે અને સાચા અર્થમાં આરાધના વિના પર્યુષણ પર્વ સુશોભિત થઈ શકતા નથી. ઉપદેશ આપતા સાધ્વીજીએ વધુમાં ઉમેર્યું હતું કે આરાધના વગર માનવ મહાન બની શકતો નથી. પર્યુષણ પર્વને આધ્યાત્મિક પર્વોમાં શિરોમણી અને ધર્મ સંચયનો અનોખો અવસર ગણાવતા તેમણે આહ્વાન કર્યું હતું કે, ધર્મ આરાધના દ્વારા વિશ્વબંધુત્વની ગંગા વહાવવાની છે અને આત્મશુદ્ધિનો લેખાજોખા તૈયાર કરવાનો છે.

**ફાયર બ્રિગેડની ટીમોએ પાણીનો મારો ચલાવ્યો**

## હાલોલની સાથરોટા GIDCમાં નમકીનના ગોડાઉનમાં ભીષણ આગ



(પ્રતિનિધી) હાલોલ, તા.૯ હાલોલના સાથરોટા GIDC સ્થિત આવેલા એક વેપારી ગોડાઉનમાં ગત મોડી રાત્રે અચાનક ભીષણ આગ ભભકી ઊઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોધરા રોડ પર આવેલ સાથરોટા GIDCમાં બાલાજી નમકીન A.V. ડિસ્ટ્રીબ્યુટર્સના ગોડાઉનમાં ગત મોડી રાત્રિના આશરે 3 કલાકે અચાનક આગ લાગી હતી. બનાવની જાણ થતાં જ ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તુરંત જ હાલોલ ફાયર ફાઈટરની ટીમને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. જોકે, ગોડાઉનમાં જ્વલનશીલ સામગ્રી અને પેકિંગ મટીરીયલના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ભયાનકતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે કાલોલ ફાયર ટીમ તથા પોલીકેબ ફાયર ટીમની મદદ પણ બોલાવવામાં આવી હતી.હાલોલ, કાલોલ અને પોલીકેબ ફાયર બ્રિગેડની સંયુક્ત ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને સતત પાણીનો મારો ચલાવ્યો હતો. ફાયર ફાઈટરોના ભારે પરિશ્રમ અને સંયુક્ત કામગીરીના અંતે આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

**કાલોલના સુરેલી ગામે SOGનો સપાટો**

## ખેતરમાંથી લીલા ગાંજાના ૫ છોડ સાથે ઈસમ ઝડપાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.૯ પંચમહાલ-ગોધરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને વેજલપુર પોલીસની સંયુક્ત ટીમે દરોડો પાડીને રૂ. ૧,૧૩,૦૦૦ ની કિંમતના ૨.૨૬૦ કિલોગ્રામ વજન ધરાવતા લીલા ગાંજાના ૫ છોડ જપ્ત કર્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા નાર્કોટિક્સ ડ્રગ્સની ગેરકાયદે પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા આપેલી સૂચના મુજબ SOG પી.આઈ. એમ. એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ તપાસમાં હતી. આ દરમિયાન વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા SOG પીએસઆઈ એ. આર. તડવીને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી આધારે વેજલપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. જી. કે. વહુનિયા,



પીએસઆઈ એ. આર. તડવી તથા પોલીસ સ્ટાફ અને સરકારી પંચોને સાથે રાખીને કાલોલ તાલુકાના સુરેલી ગામે ચૌહાણ ફળિયામાં રહેતા કિરણસિંહ શંકરસિંહ ચૌહાણના કબજા ભોગવટાવાળા ખેતરમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ખેતરમાંથી ૫ નંગ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. વજનકાંટા પર તોલતાં તેનું કુલ વજન ૨.૨૬૦ કિલોગ્રામ થયું હતું, જેની બજાર કિંમત આશરે રૂ. ૧,૧૩,૦૦૦/- આંકવામાં આવી છે.

**પંચમહાલ કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઇ**

## GPSC ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને અનામતના યોગ્ય અમલની માંગ

(પ્રતિનિધી) કાલોલ, તા.૯ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પારદર્શિતા જળવાય અને બંધારણીય અનામત વ્યવસ્થાનો ચુસ્ત અમલ થાય તે હેતુથી 'SC-ST-OBC-માઈનોરિટી એકતા મંચ' દ્વારા પંચમહાલ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં ભરતી પ્રક્રિયાની નિષ્પક્ષતા તેમજ અનામત કેટેગરીના ઉમેદવારોના પ્રતિનિધિત્વ સામે ઊભા થયેલા સવાલો અંગે સ્વતંત્ર તપાસની માંગ ઉઠાવવામાં આવી છે. મંચ દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, છેલ્લા કેટલાક



સમયથી GPSCની ગુણાંકન પદ્ધતિ, મેરીટ લિસ્ટ અને અંતિમ પસંદગી પ્રક્રિયા સામે ઉમેદવારોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે. સારા ગુણ મેળવવા છતાં અનામત વર્ગના અનેક ઉમેદવારો મેરીટમાંથી બહાર ફેંકાઈ રહ્યા હોવાની ફરિયાદો સામે આવી રહી છે, જે બંધારણીય અધિકારો પર તરાપ સમાન છે. પ્રિલિમ્સ, મેઈન્સ અને ઈન્ટરવ્યૂના ગુણ સહિત અંતિમ મેરીટ યાદી સંપૂર્ણ વિગતો સાથે જાહેર કરવી. ભરતી પ્રક્રિયાઓમાં રોસ્ટર સિસ્ટમ અને કેટેગરી વાઇઝ અનામત વ્યવસ્થાનો સાચો અમલ થયો છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ.છેલ્લા કેટલાક વર્ષોની ભરતીઓનું સ્વતંત્ર ઓડિટ કરવામાં આવે અને SC, ST, OBC તથા લઘુમતી સમાજના પ્રતિનિધિઓ ધરાવતી સ્વતંત્ર તપાસ સમિતિ રચવામાં આવે. સરકારી ભરતી પ્રક્રિયા પ્રત્યે યુવાનોનો વિશ્વાસ જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે જો તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી ન્યાયી પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ બનાવવાની ચીમકી પણ સંગઠન દ્વારા ઉચ્ચારવામાં આવી છે

### ફતેપુરા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ફતેપુરા : ફતેપુરા આગામી તા. 14 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાનાર ગણપતિ મહોત્સવને અનુલક્ષીને ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે ગણપતિ આયોજકો, શાંતિ સમિતિના સભ્યો તથા ડી.જે. સંચાલકોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક ફતેપુરા પોલીસ મથકના પી.આઈ. પી.એ. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં પી.એસ. આઈ. આર.વી. રાઠોડ સહિત પોલીસ સ્ટાફની ઉપસ્થિતિ રહી હતી. બેઠક દરમિયાન ગણપતિ મહોત્સવ શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં યોજાય તે માટે આયોજકોને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. ધાર્મિક લાગણીઓને ઠેસ ન પહોંચે તેનું ધ્યાન રાખવા, મૂર્તિની ઊંચાઈ, ડી.જે.ના સંચાલન તથા જાહેર વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

### દાહોદની પંકજ સોસાયટીમાંથી જુગાર રમતા પાંચ ઝડપાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.૯ દાહોદ પંકજ સોસાયટીમાં સરકારી અનાજના ગોડાઉનની પાછળ રહેતા વૈભવ કનુભાઈ પરમારના ઘરની આગળના ભાગે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસની ટીમ ગત મોડી રાતના દોઢેક વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ જગ્યાએ ઓચિંતો દરોડો પાડી જુગાર રમી રહેલા ખેલીઓને ચારે બાજુઓથી ઘેરી લીધા હતા, અને શ્રાવણીયો જુગાર રમી રહેલા પાંચ જેટલા ઈસમોને પકડી પાડ્યા હતા. અને પકડાયેલા ઉપરોક્ત પાંચે જણાની અંગઝડતી લઈ, અંગ ઝડતીમાંથી તેમજ દાવ પરના મળી કુલ રૂપિયા ૬૨,૫૮૦/-ની રોકડ તથા સ્થળ પરથી પત્તાની કેટ નંગ-૧ પકડી પાડી કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

**દેવગઢ બારીયાના સેવાનિયા ગામે રોડ પર હીટ એન્ડ રન**

## બેફામ ઝડપે આવતી બોલેરોની ટક્કરે બાઈક ચાલકનું મોત નીપજ્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.૯ દેવગઢ બારીયા તાલુકાના સેવનિયા ગામે રોડ પર પૂરપાટ દોડી આવતી બોલેરો ગાડી સામે થી આવતી મોટરસાયકલને જોશભેર ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજા ગ્રસ્ત મોટર સાયકલ ચાલકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર એક ફોરવીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે ૨૦ સી.એ-૪૦૧૩ નંબરની મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી સવારના સાડા સાત વાગ્યાના સુમારે પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી દેવગઢ બારીયા ના સેવાનિયા ગામે રોડ પર સામેથી આવી રહેલી જીજે ૩૪એફ-૦૨૦૫ નંબરની એચ.એફ ડીલક્ષ મોટરસાયકલને સામેથી જોશભેર ટક્કર મારી પોતાની ગાડી સ્થળ પર જ મૂકી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છોટાઉદેપુર જિલ્લાના દુણ ગામના હોળી ફળિયામાં રહેતા એચ એફ ડિલક્સ મોટરસાયકલ ના ચાલક ૫૦ વર્ષીય ભોદીભાઈ રૂપસિંગ ભાઈ રાઠવાને માથામાં કપાળના ભાગે તથા શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે દેવગઢ બારીયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધે છોટાઉદેપુર જિલ્લાના દુણ ગામના મરણ જનાર ભોદીભાઈ રાઠવાના પુત્ર શૈલેષભાઈ ભોદીભાઈ રાઠવાએ સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે બોલેરો ગાડીના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### બાકરોલ પ્રાથમિક શાળામાં સ્વછતા અભિયાન અંતર્ગત કાર્યક્રમો યોજાયા

કાલોલ : શિક્ષણ મંત્રાલય દ્વારા ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬દરમ્યાન સ્વચ્છ પખવાડા ની ઉજવણી કરવામાં આવી રહી છે.જે અંતર્ગત કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં સ્વચ્છતા અભિયાન સ્વરૂપે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે .શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિ તેમજ તમામ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા સંબંધિત સુવિધાઓ ,હાથ ધોવાની આદત ,પાણી સંરક્ષણ ,વ્યક્તિગત સ્વચ્છતા ,કચરાનું વ્યવસ્થાપન જેવી પર્યાવરણલક્ષી મહત્વની બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

**જાહેર નોટીસ**

અરજદાર તરફે વિ.વ.શ્રી,

શ્રી.એસ.સી.સંગાડા,એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
નં.જ.મ.પ્ર/એસ.આર નં. ૬૦૫૬ / ૨૦૨૬ ૬૦૬ તા. ૩૧/૦૭/૨૦૨૬
અરજદાર : સેલોત રોશનભાઈ કાંતિભાઈ રહે.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ભુતખેડી મુ.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી સેલોત રોશનભાઈ કાંતિભાઈ રહે. ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે.તેઓએ પોતાના પુત્રી નામે સેલોત આરતીબેન રોશનભાઈનો જન્મ તા.૨૧/૦૨/૨૦૧૬ ના રોજ મુ.ભુતખેડી, તા.સીંગવડ, જી.દાહોદ ખાતે થયેલ છે.અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમ ને વાંધો થા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તારીખ: ૩૧/૦૭/૨૦૨૬
સ્થળ: સીંગવડ

એસ.સી.સંગાડા
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, સિંગવડ